પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૬૪ • કુલ પાના : ૪ • તારીખ : ૦૪-૦૭-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## બિહારમાં વરસાદી ઘટનાઓમાં ૧૯નાં મોત, આસામમાં સ્થિતિ વધુ વણસી, લોકો પરેશાન



નવીદિલ્હી,
ઉત્તર ભારતમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડયો હતો. બિહારમાં વરસાદી ઘટનાઓમાં ૧૯ લોકોનાં મોત થયા હતા. ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી એક મહિલાનું મોત થયું હતું. મણિપુરમાં રેલવે સાઈટમાં થયેલા ભૂસ્ખલનમાં વધુ નવ મૃતદેહો મળતા મૃત્યુઆંક વધીને ૨૯ થયો છે. હજુ પણ ૩૪ લોકો લાપતા છે. એ જ વિસ્તારમાં ભૂસ્ખલનની વધુ એક ઘટના પણ બની હતી. હવામાન વિભાગના અહેવાલમાં કહેવાયું હતું કે આગામી બે-ત્રણ દિવસમાં દક્ષિણ-પશ્ચિમી ચોમાસું દેશભરમાં ફરી વળશે. બધા જ રાજ્યોમાં એક સપ્તાહ સુધી સારો એવો વરસાદ નોંધાશે.

ઉત્તર ભારતમાં ભારે વરસાદ પડતાં જનજીવન ખોરવાયું હતું. બિહારમાં અતિભારે વરસાદના કારણે નદીઓ બેફામ બની હતી. બિહારમાં ડૂબી જવાથી ૧૦ લોકોનાં મોત થયા હતા. વીજળી પડવા સહિતની અન્ય વરસાદી ઘટનાઓમાં વધુ ૯ લોકોએ જીવ ગુમાવ્યો હતો. રાજ્યમાં વરસાદી ઘટનાઓમાં ૧૯નાં મોત થયા હતા. ઉત્તર પ્રદેશમાં પણ વીજળી પડવાની ઘટનાઓ બની હતી, જેમાં બલિયા જિલ્લામાં એક મહિલાનું મોત થયું હતું. પાટનગર દિલ્હીમાં પણ ભારે વરસાદના કારણે જનજીવન ઠપ થયું હતું. શહેરમાં કેટલાય રસ્તા પાણી ભરાઈ જવાના કારણે બંધ રહ્યા હતા. હિમાચલ પ્રદેશના કેટલાય જિલ્લાઓમાં યલ્લો એલર્ટ જારી કરાયો છે. હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે દક્ષિણ-પશ્ચિમી ચોમાસું ભારતના બાકીના રાજ્યોમાં પણ બે-ત્રણ દિવસમાં પહોંચી જશે. આવતા સપ્તાહમાં ભારતભરમાં સારો એવો વરસાદ પડશે. ઉત્તર ભારતમાં વરસાદની સ્થિતિ એકાદ સપ્તાહ સુધી યથાવત રહેશે. લુધિયાણામાં સાડા ત્રણ ઈંચ વરસાદ પડયો હતો. પંજાબના અન્ય શહેરોમાં પણ બેથી ત્રણ ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો.

મુંબઈમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. અસંખ્ય રસ્તા પાણી ભરાતા બંધ રહ્યા હતા અને શહેરીજનોના વાહનો અધવચ્ચે અટવાઈ ગયા હતા. આખો દિવસ મુંબઈમાં વરસાદ પડયો હતો. જનજીવન પ્રભાવિત થયું હતું અને કેટલીય ઓફિસો બંધ રાખવી પડી હતી. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. દિવસ દરમિયાન કેટલાક સ્થળોએ સાતથી આઠ ઈંચ વરસાદ પડયો હતો.

મણિપુરના નોની જિલ્લામાં રેલવે સાઈટમાં ભૂસ્ખલન થયું હતું. એ ઘટનામાં વધુ નવ મૃતદેહો મળી આવ્યા હતા, જેમાં પાંચ ટેરિટોરિયલ આર્મીના જવાનોના હતા. કુલ મૃત્યુ આંક ૨૯ થયો છે. હજુય ૩૪ લોકો લાપતા છે. ગુમ થયેલાઓમાં ટેરિટોરિયલ આર્મીના જવાનોનો પણ સમાવેશ થાય છે. સતત વરસાદના કારણે રેસ્ક્યૂ ઓપરેશનમાં અવરોધ આવ્યો હતો. મણિપુરના નોની જિલ્લામાં જ વધુ એક ભૂસ્ખલનની ઘટના બની હતી. જે સ્થળે અગાઉ ભૂસ્ખલન થયું હતું તેની નજીકમાં બીજી ઘટના બનતા લોકોમાં દહેશત ફેલાઈ હતી. આસામમાં પૂરની સ્થિતિ વધુ વિકટ બનતી જાય છે. ૩૩થી ૩૫ લાખ લોકો પૂરપ્રભાવિત થયા છે. પૂરપ્રકોપથી મૃત્યુઆંક ૧૭૩ થઈ ચૂક્યો છે. ૩૦ જિલ્લાના અનેક ગામડાં પૂરપ્રભાવિત થયા છે. બ્રહ્મપુત્ર, બેકી, કોપિલી, બરાક અને કુશિયારા જેવી નદીઓ ગાંડીતૂર બની છે.

### ઉત્તર ભારતમાં ભારે વરસાદ : વીજળી પડવા સહિતના ઘટનામાં રાજસ્થાનમાં બે, ઉ.પ્રદેશમાં એકનું મોત

આસામના કછાર જિલ્લામાં બરાક નદી પર આવેલો બંધ તોડવાના આરોપમાં એકની ધરપકડ થઈ હતી. બંધ તૂટવાના કારણે સિલચરમાં ભારે તબાહી સર્જાઈ હતી. અનેક લોકો ડૂબી ગયા હતા અને શહેરમાં જળબંબાકાર સર્જાયો હતો. આ ઘટનામાં છ આરોપીઓની ઓળખ થઈ છે. એમાંથી કાબુલ ખાન નામના એક આરોપીની પૂછપરછ થઈ હતી અને ત્યારબાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. વિડિયોમાં તેનો અવાજ ઓળખી લેવાયો હતો અને ત્યારબાદ કાર્યવાહી થઈ હતી. આરોપીએ બંધ તૂટવાનો એક વિડિયો બનાવ્યો હતો.

આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમા એ વિસ્તારની મુલાકાતે પહોંચ્યા ત્યારે તેમણે આ વિડિયો લોકોને બતાવ્યો હતો. એમાંથી આરોપીનો અવાજ ઓળખાયો હતો. સરકારી અધિકારીઓનો આરોપ છે કે બરાક નદી પર આવેલો બંધ લોકોએ તોડયો હોવાથી સિલચરમાં પૂરપ્રકોપ થયો હતો. સરકારી અધિકારીઓએ આ પૂરને માનવસર્જિત ગણાવ્યો હતો. જોકે, કેટલાક લોકોએ ડેમ પહેલાંથી ક્ષતિગ્રસ્ત હોવાનું પણ કહ્યું હતું. આ બાબતે તપાસ શરૂ કરવામાં આવી છે.

## દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ૭ જુલાઈ સુધી ભારે વરસાદની શક્યતાઓ હવામાન વિભાગ



ગાંધીનગર,
ગુજરાતમાં આખરે ચોમાસું જામવાનું શરૂ થઈ ગયું છે.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરનાં રિપોર્ટ પ્રમાણે રાજ્યમાં સૌથી વધુ સાડા આઠ ઈંચ વરસાદ સુરત જિલ્લાનાં પલસાણામાં નોંધાયો હતો. સુરત શહેરમાં પણ સાડા ત્રણ ઈંચ વરસાદથી પાણી-પાણી થયું હતું. ઓલપાડમાં પાંચ ઈંચ, બારડોલી-ચોર્યાસીમાં પાંચ ઈંચ, મહુવા-માંડવી-માંગરોળમાં ૩-૩ ઈંચ વરસાદ થયો હતો.ઉત્તર ગુજરાતમાં પણ મેઘમહેર શરુ થઈ હોય તેમ બનાસકાંઠા તથા પાટણ પંથકમાં ધોધમાર વરસાદ હતો. દિયોદરમાં સાડા સાત ઈંચ, ડીસા-અમીરગઢમાં પાંચ-પાંચ ઈંચ વરસાદ પડ્યો હતો. બંને જીલ્લાઓમાં સાર્વત્રિક વરસાદ હતો.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૯ તાલુકાઓમાં વરસાદ ખાબક્યો છે.રાજ્યના ૧૧ તાલુકાઓમાં ૩ ઈંચ કરતાં વધારે વરસાદ વરસ્યો છે. જ્યારે ૨૩ તાલુકાઓમાં ૨ ઈંચ કરતાં વધારે વરસાદ નોંધાયો છે. આ સિવાય રાજ્યના ૫૦ તાલુકા એવા છે જ્યાં ૧ ઈંચ કરતાં વધારે વરસાદ વરસ્યો છે.જ્યારે ઉમરગામ, કપરાડા, નવસારી, માંગરોળમાં અઢી ઈંચ, તો ચોર્યાસી, લખપત, પલસાણા, વડાલી, ધરમપુર, પારડી, જલાલપુર, ચીખલી અને લાલપુરમાં ૨-૨ ઈંચ વરસાદ નોંધાયો છે.

ગુજરાતના અનેક ભાગોમાં ભારે વરસાદથી જનજીવન ઠપ્પ થઈ ગયું છે. સૌરાષ્ટ્ર, બનાસકાંઠા, આણંદ અને દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદથી નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.ખાસ કરીને આણંદ જિલ્લાના બોરસદમાં ગુરુવાર શુક્રવાર દરમિયાન પડેલા ભારે વરસાદને પગલે પુર જેવી સ્થિતિ સર્જાઈ છે. બોરસદ તાલુકાના અનેક ગામો સંપર્ક વિહોણા થઈ ગયા છે. જ્યારે એનડીઆરએફની ટીમોને પણે તૈનાત કરી દેવામાં આવી છે.

હવામાન વિભાગે ગુજરાતમાં આગામી પાંચ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.૩ જુલાઈએ સૌરાષ્ટ્ર, કચ્છ, દિવ-દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, ડાંગ, તાપી, પોરબંદર, અમરેલી, દ્વારકા, ગીર સોમનાથ, કચ્છમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી પાંચ દિવસમાં વડોદરા, સુરત, નવસારી, વલસાડ, ભરૂચ, રાજકોટ, અમરેલી, ભાવનગર, બોટાડ, તાપી સહિત અન્ય વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. રાજ્યમાં સાયક્લોનિક સર્ક્યુલેશનને પગલે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયુ વાતાવરણ રહેશે.

રાજ્યમાં સિઝનનો ચાર ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. ત્યારે રાજ્યના જળાશયોમાં વાપરવાલાયક પાણીનો જથ્થો માત્ર ૨૮.૩૭% બચ્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ થયો હોવા છતાં ત્યાં કેટલાક જળાશયોમાં હજી પાણીનો પુરતો જથ્થો નથી. તે ઉપરાંત ઉત્તર ગુજરાતમાં પણ અત્યાર સુધીમાં બે ઈંચ કરતાં વધુ વરસાદ થયો છે ત્યારે ત્યાંના જળાશયોમાં હાલ માત્ર ૧૧ ટકા જેટલો પાણીનો જથ્થો છે. દક્ષિણ ગુજરાતમાં ૪૨.૨૨% જ્યારે સૌરાષ્ટ્રમાં ૨૪.૦૯% પાણીનો જથ્થો બચ્યો છે.

## હૈદરાબાદ: ભાજપની રાષ્ટ્રીય બેઠકમાં વડાપ્રધાન મોદીએ ગુજરાતના વખાણ કર્યા



હૈદરાબાદ,
હૈદરાબાદમાં ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં અલગ અલગ રાજ્યોએ પોતાના કાર્યો અને સિદ્ધિઓને રજૂ કરી હતી. આ દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ પોતાના કામો રજૂ કર્યા હતા. ગુજરાત સરકારની સિદ્ધીઓ વિશે વાત કરવાની જવાબદારી ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સીઆર પાટીલે લીધી હતી. પાટીલે કોવિડ ૧૯ અને શિક્ષકો, ખેડૂતો અને મહિલા તથા વિધવાઓ વગેરે સમાજના તમામ વર્ગો માટે ગુજરાત સરકાર દ્વારા લાગૂ કરવામાં આવેલા કામ પર લેખાજોખા રજૂ કર્યા હતા.

જો કે, આ દરમિયાન જે વાતે સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું તે છે, 'વન ડે, વન ડિસ્ટ્રિક્ટ' કાર્યક્રમ હતો. પાટીલે વન ડે વન ડિસ્ટ્રિક્ટ કાર્યક્રમની પહેલનો ઉલ્લેખ કર્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, પાટીલ દ્વારા ગુજરાત સરકાર દ્વારા કરવામા આવેલા કામોની સિદ્ધિઓ ગણાવી હતી, જે બાદ પીએમ મોદીએ આ પ્રોગ્રામને લોકો સાથે જોડાવા માટેની સારી રીત ગણાવી હતી. પીએમ મોદીએ કહ્યું કે, આ પ્રોગ્રામને સમગ્ર દેશમાં લાગૂ કરવો જોઈએ.

પીએમ મોદીએ આ વાત પર પ્રકાશ પાડતા પેજ કમિટી લોકો સાથે જોડાવામાં કેપેબલ હતી. જો કે, આ ફક્ત એ લોકો સુધી જ મર્યાદિત હતી, જે પેજ કમિટીના સભ્યો હતા. વન ડે વન ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ સંપૂર્ણ જિલ્લાને કવર કરવા તથા સમાજના દરેક વર્ગ સુધી પહોંચવામાં મદદ થઈ હતી. આ પ્રોગ્રામ દ્વારા એક જિલ્લામાં લગભગ ૮-૧૦ પ્રોગ્રામ ચાલતા હતા. એટલું જ નહીં આ પ્રોગ્રામમાં ક રેલી ઓર્ગેનાઈઝ કરવા, નાની મોટી મીટિંગ્સ કરવી, ઈંટેલેક્ચુઅલ બેઠક કરવી, તથા રાજ્ય અને કેન્દ્ર સરકારની સ્કીમને લાભાર્થીઓ સુધી પહોંચાડવા અને લોકોની ફરિયાદો દૂર કરવા માટે તમામ બેઠકો વગેરે સામેલ છે.

ગુજરાત ભાજપે અત્યાર સુધીમાં ૭ જિલ્લામાં આ પ્રોગ્રામ ચાલુ કર્યો છે. જો કે, ટૂંક સમયમાં આ પ્રોગ્રામ આખા ગુજરાતમાં લાગૂ કરવામા આવશે. આવી રીતે ઓડીઓડી પ્રોગ્રામ સમગ્ર દેશમાં આત્મસાત કરવાની ક્ષમતા ધરાવે છે. જેનો પ્રધાનમંત્રી મોદીએ પોતાના ભાષણમાં ઉલ્લેખ કર્યો. કારણ કે તે જનતા સાથે જોડાવાનો એક સારો એવો રસ્તો છે. આ બેઠકમાં એ વાત પર પ્રકાશ પાડવામાં આવ્યો કે, કેવી રીતે ગુજરાતે સંગઠન તથા સરકાર બંનેમાં પોતાની વિકાસ યાત્રા ચાલુ રાખી. તેનું પરિણામ સૌએ જોયું.

## છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૬ હજારથી વધુ કેસ, ૩૧ લોકોના મોત

નવીદિલ્હી,
દેશમાં ફરી એકવાર કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે. નવા કેસના આંકડો હાલ જાહેર કરવામાં આવ્યા છે, બીજી બાજુ કોરોના વાયરસના નવા કેસ રોજેરોજ ૧૫ હજારથી વધુ નોંધાઈ રહ્યા છે, જે ચિંતાનું કારણ બન્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ હજાર ૧૦૩ નવા કેસ નોંધ્યા છે, જ્યારે ૩૧ લોકોનું મોત થયું છે. શનિવારે નોંધાયેલા આંકડા બાદ હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧ લાખ ૧૧ હજાર ૭૧૧ થઈ ગઈ છે. જ્યારે, હાલના સમયમાં દેશમાં ડેઈલી પોઝિટિવટી રેટ ૪.૨૭ સુધી પહોંચી ચૂક્યો છે. તમને જણાવી દઈએ કે, છેલ્લા કેટલાક દિવસોમાં દેશમાં ૧૩ હજાર ૯૨૯ દર્દી આ મહામારીમાંથી સ્વસ્થ થયા છે. ગઈકાલના મુકાબલે કોરોના કેસમાં ઘટાડો નોંધાયો છે. શુક્રવારે દેશમાં કોવિડના ૧૭,૦૯૨ નવા કોવિડ કેસ સામે આવ્યા, જ્યારે ૨૯ દર્દીઓના મોત થયા છે. કોરોના સંક્રમણના કુલ આંકડા પર નજર નાંખીએ તો અત્યાર સુધી ૪ કરોડ ૩૫ લાખ ૨ હજાર ૪૨૯ મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. જ્યારે કોરોનાના કારણે કુલ ૫ લાખ ૨૫ હજાર ૧૦૦ લોકોના મોત થયા છે. વેક્સીનેશનની આંકડા પર નજર નાંખીએ તો ૧૯૭ કરોડ ૯૫ લાખ ૭૨ હજાર ૯૬૩નો આંકડો પાર થઈ ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ લાખ ૧૦ હજાર ૬૫૨ લોકોને વેક્સીનેટ કરવામાં આવ્યા છે.

## અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યા, આરોપીએ મોટેલના રૂમનું ભાડું ન આપવું પડે તેથી ગોળી મારી દીધી

સુરત,
અમેરિકામાં અવારનવાર ગુજરાતીઓની લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવતી હોય છે. ત્યારે મૂળ સુરતના અને હાલ અમેરિકામાં સ્થાયી થયેલા ૬૯ વર્ષના જગદીશ પટેલની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.

આ અંગે વિગતવાર સમાચાર જોઈએ તો, ૨૫મી જૂને શનિવારે નાઈટમાં તેઓ મોટેલની ઓફિસમાં બેઠા હતા. તે દરમિયાન મોટેલના રૂમમાં રહેતા એક શખ્સે ઓફિસમાં આવી જગદીશ પટેલ સાથે માથાકૂટ કરી બે રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું. જગદીશ પટેલને એક ગોળી માથામાં અને બીજી પેટમાં વાગી હતી. મોટેલનો સ્ટાફ તેમને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ૩૦મી જૂને જગદીશ પટેલનું સારવાર દરમિયાન મોત થયું હતું.

આ મોટેલમાં આરોપી ડાર્નેલ બ્રાઉન ૨ દિવસથી રહેતો હતો. હત્યારો રૂમનું ભાડું ન આપતો હોવાથી બંને વચ્ચે માથાકૂટ થઈ હતી. જેમાં આરોપી બ્રાઉને જગદીશ પટેલને માથામાં અને પેટમાં ગોળી મારી દીધી હતી.

જગદીશ પટેલનો પરિવાર વર્ષ ૨૦૦૭થી અમેરિકામાં સ્થાયી થયો હતો. તેમના પુત્ર અને વહુ બન્ને અમેરિકાના શિકાગોમાં ડોકટર છે. જગદીશ પટેલ સચિન પોપડાના વતની છે. જગદીશ પટેલ કાંઠા વિસ્તારમાં સારા ક્રિકેટર પણ હતા. તેઓ એમટીબી આર્ટસ કોલેજમાં કિકેટ ટીમના કેપ્ટન પણ રહી ચૂકયા હતા.

જૂન મહિનામાં પણ અન્ય એક ગુજરાતીની અમેરિકાના વર્જિનિયામાં હત્યા કરવામાં આવી હતી. વર્જિનિયાના ન્યુ પોર્ટમાં આવેલા એક સ્ટોરમાં રાત્રે થયેલા ફાયરિંગમાં મોતને ભેટેલા ગુજરાતીની ઓળખ પ્રેયસ પટેલ (૫૨ વર્ષ) તરીકે કરવામાં આવી હતી. જેઓ આણંદના સોજિત્રાના વતની હતા. તેમની સાથે ૩૫ વર્ષના એડવર્ડ થોમસ નામના એક વ્યક્તિની પણ હત્યા કરવામાં આવી હતી. પ્રેયસ પટેલની હત્યા લૂંટના ઈરાદે કરવામાં આવી હતી. આ સ્ટોરમાં કામ કરનારા એક કર્મચારીએ પોલીસને જણાવ્યું હતું કે પ્રેયસ પટેલ તેના માલિક હતા, જ્યારે એડવર્ડ નોકરી કરતો હતો. સ્ટોરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં પણ ઘટનાના દ્રશ્યો ઝડપાયા હતા.

## શિંદેનો પ્રથમ વિજય : ભાજપના ધારાસભ્ય રાહુલ નાર્વેકર મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર બન્યા



મુંબઈ,
મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષની ચૂંટણીમાં ભાજપ અને સીએમ એકનાથ શિંદે જૂથના ઉમેદવાર રાહુલ નાર્વેકરે જીત મેળવી છે. વિધાનસભામાં મત ગણતરીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરિણામમાં રાહુલ નાર્વેકરને બહુમતીનો આંકડો મળ્યો છે. રાહુલ નાર્વેકરની તરફેણમાં ૧૬૪ મત પડ્યા હતા. રાહુલ નાર્વેકરે વિપક્ષના ઉમેદવાર રાજન સાલ્વીને હરાવ્યા છે. રાજન સાલ્વી બહુમતીના આંકડા સુધી પણ પહોંચી શક્યા નથી. જો કે પહેલાથી જ એવી ધારણા હતી કે મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષની ચૂંટણીમાં રાહુલ નાર્વેકર જીતશે. આંકડા તેમની તરફેણમાં હતા. જણાવી દઈએ કે ગત મહાવિકાસ અઘાડી સરકારમાં કોંગ્રેસના નેતા નાના પટોલેના રાજીનામા બાદ ફેબ્રુઆરી ૨૦૨૧થી મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષનું પદ ખાલી હતું. મહારાષ્ટ્રમાં સરકાર બદલાયા બાદ એકનાથ શિંદેએ મુખ્યમંત્રી પદના શપથ લીધા છે. આજથી વિધાનસભાનું સત્ર શરૂ થયું છે. વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી બાદ હવે સોમવારે ફ્લોર ટેસ્ટ યોજાનાર છે.મહારાષ્ટ્ર વિધાનસભામાં જ્યારે સ્પીકરને લઈને મતદાન થયું હતું ભાજપના રાહુલ નાર્વેકરે કુલ ૧૬૪ વોટ મેળવીને જીત્યા હતા. તેમને બહુમત માટે ૧૪૪ વોટની જરૂર હતી. બીજી તરફ એમવીએ તરફથી નામાંકિત રાજન સાલ્વીને કુલ ૧૦૭ મત મળ્યા હતા. ખાસ વાત એ છે કે ભાજપના ઉમેદવારને પણ એમએનએસ વતી વોટ આપવામાં આવ્યો હતો. જ્યારે, સપાના બે ધારાસભ્યો અને એઆઈએમઆઈએમના ધારાસભ્યોએ મતદાન કરવાનો ઈનકાર કર્યો હતો. સીપીઆઈ ધારાસભ્ય વિનોદ નિકોલેના એમવીએની તરફેણમાં મતદાન કર્યું. સ્પીકર ચૂંટણીમાં વોટિંગથી સમાજવાદી પાર્ટી અલગ રહી હતી, તેઓએ વોટિંગ કર્યું નહોતું. સપાના બે ધારાસભ્યોએ કોઈને વોટ આપ્યો નહોતો.

એકનાથ શિંદે જૂથે શિવસેનાને સંપૂર્ણપણે કબજે કરી લીધી છે. વિધાનસભામાં શિવસેનાની ઓફિસને પણ સીલ કરી દેવામાં આવી છે. વિધાનસભાના અધિકારીઓનું કહેવું છે કે શિંદે જૂથને આ ઓફિસ સીલ કરવા માટે કહેવામાં આવ્યું છે. શિવસેનાના એકનાથ શિંદ જૂથે વ્હીપ જાહેર કરીને ભાજપ અને સેનાના ઉમેદવાર રાહુલ નાર્વેકરને પ્રમુખ પદ માટે મત આપવાનો આદેશ આપ્યો છે. જ્યારે શિવસેના દ્વારા પહેલા જ વ્હીપ જાહેર કરવામાં આવ્યું છે. કારણ કે શિવસેનાના બળવાખોર ધારાસભ્યો અત્યાર સુધી અન્ય કોઈ પાર્ટીમાં જોડાયા નથી, તેથી તેઓ આ વ્હીપના દાયરામાં આવે છે. ગઈકાલે જ શિવસેનાએ વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી માટે વ્હીપ જાહેર કર્યો હતો, જેમાં શિવસેના અને મહાવિકાસ અઘાડીના તમામ ધારાસભ્યોને રાજન સાલ્વીને મત આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે રાહુલ નાર્વેકર મુંબઈની કોલાબા વિધાનસભાથી ભાજપના ધારાસભ્ય છે. વર્ષ ૨૦૧૯ માં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. અગાઉ રાહુલ નાર્વેકર એનસીપી અને શિવસેના સાથે સંકળાયેલા છે.

જાણો લો કે રાહુલ નાર્વેકર કોલાબાના ધારાસભ્ય છે. બીજેપીમાં જોડાતા પહેલા તેઓ એનસીપી અને શિવસેના સાથે પણ ગાઢ સંબંધ ધરાવતા હતા. ઉલ્લેખનીય છે કે, રાહુલ નાર્વેકર એનસીપીના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષ રામરાજકે નાઈકના જમાઈ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૦ના એક વર્ષ પહેલા રાહુલ નાર્વેકર ભાજપમાં જોડાયા હતા, ત્યારબાદ તેઓ ધારાસભ્ય બન્યા હતા અને હવે તેઓ મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર બન્યા છે.

રાહુલ નાર્વેકર શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે પણ જોડાયેલા હતા. રાહુલ શિવસેના યુથ વિંગના પ્રવક્તા પણ રહી ચૂક્યા છે. રાહુલ નાર્વેકર રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે. રાહુલના પિતા સુરેશ નાર્વેકર કાઉન્સિલર રહી ચૂક્યા છે. ૨૦૧૪માં રાહુલ નાર્વેકર શિવસેનામાં હતા. તે દરમિયાન તેમણે લોકસભાની ચૂંટણી લડવાનો દાવો રજૂ કર્યો હતો પરંતુ તેમને ટિકિટ મળી ન હતી. શિવસેનાએ ટિકિટ માટે ઈનકાર કર્યા બાદ રાહુલ નાર્વેકર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા. એનસીપીએ માવલ લોકસભા સીટ પરથી રાહુલ નાર્વેકરને મેદાનમાં ઉતાર્યા હતા પરંતુ રાહુલને હારનો સામનો કરવો પડ્યો હતો. બાદમાં રાહુલ ભાજપમાં જોડાયા હતા.

## કેપ્ટન અમરિંદર સિંહ બની શકે છે ભાજપના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર

નવીદિલ્હી,
કેપ્ટન અમરિંદર સિંહના પક્ષ 'પંજાબ લોક કોંગ્રેસ' નો જલદી ભાજપમાં વિલય થઈ શકે છે. આનાથી ભાજપને પંજાબમાં પોતાનો જનાધાર બનાવવામાં મદદ મળશે. બીજી બાજુ આના બદલામાં અમરિંદર સિંહને શું મળશે તેને લઈને અટકળો અટકળો થઈ રહી છે. કહેવાય રહ્યું છે કે ભાજપ કેપ્ટન અમરિંદર સિંહને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવશે. આમ કરવાથી સિખ સમુદાયમાં પણ સારો સંદેશો જશે. ભાજપની આ રણનીતિથી કોંગ્રેસને વધુ એક ઝટકો આપવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. કેપ્ટન અમરિંદર સિંહ હાલમાં સ્પાઈનની ગંભીર બિમારીથી ઝઝૂમી રહ્યા છે. એમનું લંડનમાં ઓપરેશન થયુ છે અને હાલમાં તેઓ આરામ કરી રહ્યા છે એમનો પરિવાર પણ આ સમયે તેમની સાથે છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મન્સુરી નિસારએહમદ ઈબ્રાહીમ
તરફથી અભીનંદન....
મુ. સારંગપુર,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મન્સુરી ઈમરાન યુસુફ
તરફથી અભીનંદન....
મુ. મહુલીયા,
તા. ગોધરા,
જી. પંચમહાલ

# મહીસાગર જિલ્લા-તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૭-૨૮ જુલાઈએ યોજાશે

લુણાવાડા, મહિસાગર જિલ્લાના પ્રજાજનોના પડતર પ્રશ્નોનો નિકાલ માટે માન.મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. જેના ભાગરૂપે જિલ્લા કક્ષાએ દર માસના ચોથા ગુરૂવારે કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત તથા ચોથા બુધવારે મામલતદારની કચેરીઓમાં વર્ગ-૧ કક્ષાના અધિકારીઓના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં વ્યક્તિગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિ વિષયક તથા સેવા વિષયક સિવાયના કાર્યોનો નિકાલ સંબંધિત કચેરીમાં ન થતો હોય તેવા કાર્યોના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લા તથા તમામ તાલુકા માટે જુલાઈ-૨૦૨૨ નો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૭/૦૭/૨૦૨૨ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૮/૦૭/૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવાનો હોય માહે જુલાઈ -૨૦૨૨ માં જિલ્લા અને તાલુકાઓમાં વર્ગ -૧ કક્ષાના અધિકારીઓ તા.૨૭/૦૭/૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

આ સ્વાગત કાર્યક્રમમાં કલેકટર મહીસાગર સંતરામપુર તાલુકામાં, જિલ્લા વિકાસ અધિકારી મહીસાગર લુણાવાડા તાલુકામાં, પોલીસ અધિક્ષક મહીસાગર વિરપુર તાલુકામાં, પ્રાંત અધિકારી લુણાવાડા કડાણા તાલુકામાં, પ્રાંત અધિકારી સંતરામપુર બાલાસિનોર તાલુકામાં તેમજ પ્રાંત અધિકારી બાલાસિનોર ખાનપુર તાલુકાના લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/રજુઆત અંગેની અરજી ''મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી'' તેવા મથાળા હેઠળ સંબંધિત ગામનાં તલાટી/મંત્રીને સંબોધીને ૧ થી ૧૦ તારીખ સુધીમાં આપવાની રહેશે. તા.૧૦/૦૭/૨૦૨૨ સુધીમાં મળેલ અરજીને તાલુકા સ્વાગત કાર્યક્રમાં સમાવવામાં આવશે.

જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમાં ભાગ લેવા માટે અરજદારોએ પોતાના વ્યક્તિગત/અંગત પ્રશ્ન ટાઇપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામા સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબંધિત અમલીકરણ અધિકારીની કચેરીએ કરેલી અરજીની નકલ સાથે સંબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**નગરપાલિકા સંતરામપુરના વોર્ડ નંબર-૧ માં ૮૫.૦૦ લાખના ખર્ચે ૮૦૦મીટર લાંબાઈ અને ૫ મીટર પહોળાઈ અને બન્ને બાજુ વરસાદી પાણીના નિકાલ માટે ગટર લાઈન સાથે નવીન સી.સી. રોડનું ખાતમુહર્ત રાજ્ય કક્ષાના ઉચ્ચ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ સુનીતાબેન ખાંટ, નગર મંડળ પ્રમુખ સંદીપભાઈ ભોઈ, મહામંત્રી નીતિનભાઈ રાણા, નગરપાલિકા કોર્પોરેટરો સહીત પાર્ટીના હોદ્દેદારો ગામના આગેવાનો હાજર રહ્યા.**

# ગોધરા મામલતદાર કચેરી ખાતે આવકનો દાખલો કઢાવવા માટે ફોર્મ ભરવાના રૂા.૨૦ બદલે રૂા.૮૦ લેતાં નારાજગી

ગોધરા, મામલતદાર કચેરી ગોધરા ખાતે પોલીસ નોકરી જોડાયેલ તમામ કર્મચારીઓને આવક દાખલો મેળવવાં હુકમ થતા રવિવાર રજા હોવા છતાં કર્મચારીઓ ઉમટી મામલતદાર કચેરી ખાતે ઉમટી પડ્યા. સરકારે સ્ટેમ્પ, સોગંદનામા બંધ કરી માત્ર સ્વ-ઘોષણા પત્ર રજુ કરવાનું હોય છે. આર.ડી.સી. Dysp અને સિટી મામલતદારની નિગરાની હેઠળ પ્રોગ્રામ હોવા છતાં સ્ટેમ્પ વેન્ડર સ્ટેમ્પ વગર માત્ર સ્વ-ઘોષણા પત્ર હોવા છતાં દરેક કર્મચારી પાસે થી રૂપિયા ૮૦ પડાવી પાડતા કર્મચારીઓમાં પોલીસ કર્મચારીઓમાં ભારે નારાજગી જોવા મળે છે.

# દે.બારીઆ નગર પાલિકાના કોન્ટ્રાક બેજના સફાઈ કર્મીઓને છુટા કરાતા કચરાંના ઢગ થયા

દે.બારીઆ, દે.બારીઆ નગર પાલિકામાં ૨૦ની આસપાસ કાયમી બેજના સફાઈ કર્મચારીઓ છે. તદ્દઉપરાંત બીજા કોન્ટ્રાકના બેજ ઉપર સફાઈ કામદારોને રાખેલા છે. તેઓને બગીચાના કાર્યમાં તેમજ સફાઈના કાર્યમાં અને મોન્સુન માટે ગટર સાફ કરવા માટે ફેરવવામાં આવે છે. આ પાંચ થી છ માણસો છે. કિટલાની હાજરી પુરવામાં આવે છે. તે તપાસ કરવી જરૂરી છે. હાલમાં ૧૦-૧૨ કર્મીઓને અચાનક છુટા કરી દેવાતા આખા શહેરમાં જાહેર ઉકરડા કચરાંના ઢગના ઢગ જોવા મળી રહ્યા છે. તેમજ વરસાદના કારણે ગટરોમાં કાદવ-કીચડ અને કચરાઓનો ભરાવો થઈ જતાં ગટરો ઉભરાઈ જાય છે. ત્યાં સુધી સફાઈ કરવામાં આવતી નથી. શહેરને સ્વચ્છ રાખવા માટે પેપર ઉપર બતાવી દેવામાં આવતી હોય છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. રાત્રી સફાઈ પણ હાલમાં થતી નથી. તેનો પણ ખર્ચ પડી જતાં હશે ? લાગતાં વળગતા પદના અધિકારીઓ શહેરને સ્વચ્છ બનાવવા માટે પગલાં ભરશે ખરાં...? તે તો આવનારો સમય જ બતાવશે.

# દાહોદ જિલ્લાના દે.બારીયા તાલુકાના મોટીઝરી ગામે તળાવ પાસે બની રહેલ સિંચાઈ કુવાની કામગીરીમાં ભોપાળું



દાહોદ, દેવગઢ બારીયા તાલુકાના મોટીઝરી ગામ ખાતે સરકારની યોજનાની કામગીરી ચોમાસું સત્રમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે. એક તરફ નલ સે જલ યોજનાની કામગીરીમાં ઘરે ઘરે પીવાનું પાણી પહોંચાડવા પાઈપલાઈન કરી દેવામાં આવી હજુપણ કામગીરી અધૂરી પડી છે અને ગ્રામપંચાયત પાસેથી લાખ્ખો રૂપિયાની રકમનો ચેક લઈ કામગીરી અધૂરી છોડી ગયા પછી કોન્ટ્રાકટરના દર્શન પણ દુર્લભ થઈ ગયા છે.

જયારે બીજી તરફ મોટીઝરીના તળાવની આસપાસના ખેડૂતોને ખેતી પાક માટે સિંચાઈનું પાણી મળી રહે તે માટે હાલમાં કામગીરી ચાલુ છે. જે માટે તળાવની પાસે એક સિંચાઈ કૂવો બનાવી જે કુવા માંથી યાંત્રિક મશીન અથવા ઈલેકિટ્રક મોટર મારફતે પાણી પાઈપલાઈન મારફતે ખેડૂતના ખેતરમાં પહોંચાડવામાં આવશે તેવી યોજનાની કામગીરી હાલ ચાલુ છે. જે સિંચાઈ કૂવો બનાવવામાં આવી રહ્યો છે. તે કુવાના બાંધકામમાં હલકી ગુણવતાનું મટીરીઅલ વાપરી આરસીસી કોન્ક્રિટ કરાઈ રહ્યું છે. અધૂરામાં પૂરૂં આ કુવા માટે જે લોખંડ વાપરવાનું છે. તેમાં પણ લોખંડના સળિયાનું અંતર બહુ દૂર રાખી લોખંડ બાંધવામાં આવ્યું છે. જયારે નીચેના ભાગે કોઈ રાઉન્ડ બીમ નહીં મૂકી માત્ર ખોદાણ વાળા ભાગની ઉપર આ કામગીરી કોન્ટ્રાકટર દ્વારા કરાઈ રહી છે. આ અંગે મોટીઝરી ગામના સામાજિક કાર્યકર ગણપત વીરસીંગ પટેલ તથા બીજા જાગૃત નાગરિકો એ સ્થળ ઉપર જઈ આવી હલકી કામગીરી થતી હોય કામગીરી બંધ કરી દેવાનું કહેતા કોન્ટ્રાકટર પોતાના મનસ્વી પણા થી હજુપણ હલકી કામગીરી કરી સરકાર ના લાખ્ખો રૂપિયાનું મોટુ નુકશાન પહોંચાડી શકે છે. કારણ કે, આવી કામગીરીમાં આ સિંચાઈ કુવાની આવરદા બહુ લાંબી નહીં હોય અને કોઈ દિવસ કડડભુસ થઈ આખો કૂવો પુરાઈ જશે તે નકકી છે.

આમ, દેવગઢ બારીયા તાલુકાના મોટીઝરી ગામે તળાવ પાસે નવા બની રહેલ સિંચાઈ કુવાની કામગીરીમાં થતી ગેરરીતિ તંત્ર દ્વારા બંધ કરી નક્કર કામગીરી કરાઈ તેવું ખેડૂતો ઈચ્છી રહયા છે.

# સ્વતંત્રતાની ૭૫ મી વર્ષગાંઠ પર માનગઢ ધામ ખાતે વિશાળ વાહન રેલી અને વિરાટ ધર્મસભા યોજાઈ




ફતેપુરા, ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલા માનગઢ ધામ ખાતે સ્વતંત્રના ૭૫ મી વર્ષગાંઠ નિમિતે વિશાળ વાહન રેલી અને વિરાટ ધર્મસભા યોજાઈ હતી. ગુજરાત રાજસ્થાન અને મધ્ય પ્રદેશ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં સાધુ સંતો ઉપસ્થિત રહ્યા હતા અને માનગઢ ધામ માં શહીદ થયેલા વિરો ની ગાથા વર્ણવી હતી ભારતના રાષ્ટ્રપતિ તરીકે આદિવાસી સમાજની મહિલા ની પસંદગી થતાં સાધુ-સંતોએ મોદી સરકારનો આભાર માન્યો હતો. દાહોદ પંચમહાલ મહીસાગર ના જિલ્લાઓમાંથી તેમજ રાજસ્થાનના બાસવાડા ડુંગરપુર જિલ્લાઓમાંથી મધ્યપ્રદેશના જાબવા જિલ્લામાંથી મોટી સંખ્યામાં વાહન રેલી માં કાર્યકર્તાઓ ભાગ લીધો હતો. રાષ્ટ્રીય સહ સેવક સંઘના અખિલ ભારતીય કાર્યકારણી સદસ્ય ઈન્દ્રેશકુમાર મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

રાજસ્થાનના ભારતીય જનતા પાર્ટીના સાંસદો, ધારાસભ્યો, અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા ગુજરાત રાજયના વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા રાજ્ય મંત્રી નિમિષાબેન સુથાર કુબેરભાઈ ડીંડોર પણ ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ રાજયોમાંથી મોટી સંખ્યામાં આદિવાસી સમાજના ભકતજનો તથા અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત કાર્યક્રમનું આયોજન માનગઢ ધામ સમિતિ રાજસ્થાન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આવેલ સૌ મહાનુભાવો ભકતજનો સાધુ-સંતો એ ગુરૂ ગોવિંદની ધુણીના દર્શન કર્યા હતા.

# સંજેલીના જીતપુરા ખાતે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી, તાલુકાના જીતપુરા મુકામે ૧૦ ગામોનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫૬ જેટલી અલગ અલગ વિવિધ યોજનાઓ સરકારી તંત્ર દ્વારા પૂરી પાડવામાં આવી હતી સરકારની વિવિધ યોજનાઓ તેના લાભો વિશે માર્ગદર્શન માહિતી આપવામાં આવી હતી. સરકારની વિવિધ યોજનાઓના લાભ લાભાર્થીઓને લેવા માટે અપીલ કરી હતી. રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓ છેવાડાના માનવીને મળી રહે તે હેતુથી સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૫૬ જેટલી વિવિધ યોજનાઓનો ૧૦ જેટલા ગામના લાભાર્થીઓ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી, સંજેલી મામલતદાર, ICDS શાખાના કર્મીઓ,આશાવર્કરની બહેનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો આગેવાનો હાજર રહ્યા હતા.

# ગરબાડા ગામમાં સરકારી અનાજના ગોડાઉન માંથી ૭૯ હજારના અનાજના જથ્થાની ચોરી

દાહોદ, જિલ્લાના ગરબાડા નગરમાં આવેલ એક સરકારી અનાજના ગોડાઉનમાં અજાણ્યા તસ્કરોએ પ્રવેશ કરી ગોડાઉન માંથી અનાજનો કુલ રૂપિયા ૭૯,૬૨૭/- નો જથ્થો ચોરી કરી લઈને નાસી જતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તારીખ એક જુલાઈના રોજ ગરબાડા નગરમાં આવેલ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ નળવાઈ ગામે સરકારી અનાજના ગોડાઉનમાં અજાણ્યા તસ્કરોએ રાત્રિના કોઈપણ સમયે સરકારી ગોડાઉનની લોખંડની બારીની જાળી તોડી ગોડાઉનમાં પ્રવેશ કર્યો હતો અને ગોડાઉનમાં મૂકી રાખેલ ખાંડની ૫૦ કિલોની ૯ બોરી, ૧૮ ખાદ્ય તેલના ડબ્બા, ત્રણ ચણાના કટ્ટા, તુવેરદાળના ૧૩ કટ્ટા વિગેરે મળી કુલ રૂપિયા ૭૯,૬૨૭/- નો અનાજનો જથ્થો અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતા આ સંબંધે ગોડાઉનમાં ફરક બજાવતા અને દાહોદ તાલુકાના ઉકરડી ગામે રહેતા નિશાબેન અમરતભાઈ કટારા દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના આંબાકાચ ગામે પૈસાની લેતીદેતીને લઈ મારામારી

દાહોદ, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આંબાકાચ ગામે પંચના કાઢેલ પૈસા માંગવા બાબતે એક ઈસમે એકને પથ્થર વડે તેમજ ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી મારી નાખવાની ધમકી આપ્યાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨૬મી જૂનના રોજ આંબાકાચ ગામે રોડ ફળિયામાં રહેતા રાજુભાઈ કોદરભાઈ મોહનિયા પોતાના ગામમાં રહેતા વરિયાભાઈ પરશુભાઈ માવીના ઘરે આવ્યો હતો અને બેફામ ગાળો બોલી પંચના કાઢેલ પૈસા માંગતા વરિયાભાઈએ કહેલ કે સવારમાં આપીશું તેમ કહેતા રાજુભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને હાથમાં પથ્થરો લઈ દોડી આવી વરિયાભાઈને છાતીના ભાગે માર માર્યો હતો અને ગદડાપાટુનો માર મારી શરીરે હાથે પગે તેમજ માથાના ભાગો પહોંચાડી મારી નાખવાની ધમકી આપતા આ સંબંધે ઈજાગ્રસ્ત વરિયાભાઈ પરશુભાઈ માવીએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**દાહોદ ના દાઉદી વ્હોરા કબ્રસ્તાન ખાતે રોટરી કલબના આસિસ્ટન્ટ ગવર્નર શાંતિલાલ પટેલના માર્ગદર્શન હેઠળ સુજાઈ બાગના આમિલ સાહેબના હસ્તે વૃક્ષા રોપણ કાર્યક્રમનો પ્રારંભ કરાયો.**



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

# આપની આજ.......

મેષ : વ્યવસાયિક દૃષ્ટિથી સમય અનુકૂળ છે. રોકાણને લગતી મહત્ત્વપૂર્ણ યોજનાઓ પણ સફળ થશે. લગ્નજીવન સુખમય રહેશે. દરેક કામને યોજનાબદ્ધ રીતે કરવું તથા એકાગ્રચિત્ત રહેવું તમને સફળતા પ્રદાન કરશે.

વૃષભ : આજે તમે આકરી મહેનત તથા આત્મવિશ્વાસ દ્વારા તમારા કાર્યોમાં ધ્યાન લગાવશો. કારખાના, ફેક્ટ્રી વગેરે લોખંડને લગતા વ્યવસાયમાં લાભદાયક પરિસ્થિતિઓ બનશે તથા સારા ઓર્ડર પણ મળશે.

મિથુન : વ્યવસાયિક કાર્યો માટે ઉધાર કે લોન લેતી સમયે ફરી વિચાર કરો. સર્વાઈકલ તથા ખભાનો દુખાવો પરેશાન કરી શકે છે. તમારા મુશ્કેલ સમયમાં જીવનસાથીનો ભરપૂર સહયોગ મળશે.

કર્ક : બેદરકારી અને મોડું કરવાથી કોઈ મહત્ત્વપૂર્ણ કામ અટકી શકે છે. લગ્નજીવનમાં મધુરતા રહેશે. આ સમયે તમારી વ્યવસાયિક પાર્ટીઓ સાથે સંબંધોને વધારે સારા કરવાની જરૂરિયાત છે. આજનો દિવસ પરિવાર સાથે સારો પસાર થશે.

સિંહ : કોઈપણ જોખમી કાર્યમાં આજે બિલકુલ પણ પોતાનું ધ્યાન ન લગાવો. લોકો સાથે હળવા-મળવામાં વધારે ધ્યાન આપો. સ્વાસ્થ્ય સારું રહેશે. આ સમેય કોઈપણ કાર્યને ઉતાવળની જગ્યાએ ધૈર્ય પૂર્વક કરો.

કન્યા : મુશ્કેલી કે વિઘ્નો સિવાય તમે તમારા બધા કામને પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો. તમને કોઈ મુશ્કેલ સમયમાં પરિવારના સભ્યોનો પૂર્ણ સહયોગ મળશે. તમારા બજેટને તમારી જરૂરિયાતો પ્રમાણે સીમિત અને સંતુલિત રાખો. વાહન ચલાવતી સમયે બેદરકારી ન રાખો.

તુલા : કોઈ નજીકના સંબંધી સાથે તમારી જ કોઈ જિદના કારણે સંબંધ ખરાબ થઈ શકે છે. પતિ-પત્ની વચ્ચે ઈગોને લઈને કોઈ વિવાદ થઈ શકે છે. તમે તમારી સમજણ દ્વારા કોઈ મુંઝવણનું સમાધાન મેળવવામાં પણ સક્ષમ રહેશો.

વૃશ્ચિક : કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે. તમારા મનમાં જે કલ્પનાઓ અને સપના છે, તેમને સાકાર કરવાનો યોગ્ય સમય છે.

ધનુ : સહયોગીઓ અને કર્મચારીઓ સાથે સંબંધ ખરાબ થવા દેશો નહીં. માંસપેશીઓમા દુખાવો રહી શકે છે. મિત્રો સાથે વધારે હરવા-ફરવામાં સમય ખરાબ ન કરો. મનમાં ચાલી રહેલી કોઈ દુવિધાનું પણ સમાધાન મળી શકે છે.

મકર : એક વાતનું ધ્યાન રાખવું કે કોઈના ઉપર પણ વધારે વિશ્વાસ કરવો નહીં. વ્યવસાયમાં વધારે મહેનત કરવાની જરૂરિયાત છે. આ સમય કોઈ નવું કામ પ્લાનિંગ સાથે કરવું તથા પોઝિટિવ વિચારો રાખવા. પારિવારિક વાતાવરણ સુખમય જળવાયેલું રહેશે.

કુંભ : પ્રોપર્ટીને લગતા વ્યવસાયમાં કોઈ મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે. આજે દોડભાગ વધારે રહેશે. ભૂતકાળની વાતોને વર્તમાન ઉપર હાવી થવા દેશો નહીં. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે.

મીન : કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે. તમારા મનમાં જે કલ્પનાઓ અને સપના છે, તેમને સાકાર કરવાનો યોગ્ય સમય છે.

# પાંડવા સર્વે નં.૨/૯ પૈકી ૩/૯ પૈકી વાળી જમીનોમાં મહેસુલી અધિકારીઓ કે.આર.શાહ તથા પ્રિમીયમનું નુકશાન કરનાર બી.એમ.પટેલ અને ઈકબાલભાઈ શેખ સામે જીલ્લા કલેકટર ફરિયાદ દાખલ કરાવશે ખરાં...?

ગોધરા, ગોધરા તાલુકાના પાંડવા ગામના સર્વે નંબર ૩/૯ પૈકી ૨ અને સર્વે નંબર ૩/૯ પૈકી ૩ વાળી જમીનો તા.૨૨/૪/૧૯૮૨ થી ૭૩ એ.એ.ના નિયંત્રણો સરકારી મહેસુલ વિભાગના પરિપત્રો નંબર ૧૦૮૦/લ/૩૪૩૪ થી ગામ નમુના ૭/૧૨ માં નોંધ થયેલ હોય તેવી જમીનો પંચમહાલ જીલ્લા કલેકટરની પૂર્વ મંજુરી વિના કે તબદીલ ન થતી હોવા છતાં ફરજ દરમ્યાન જે તે સમયના હાલ મહેસુલ વિભાગ અને ગુજરાત સરકારમાં ખાતાકીય તપાસ તથા ડીસમીસ કે નિવૃત તેવા જે તે સમયના સર્કલ ઓફિસર કે.આર.શાહ અને હાલ ૭/૧૨ પર ચાલતા કૃષ્ણકાંત રમણલાલ શાહ વિગેરે દ્વારા ખોટો કૃષિ પંચ અને અધિક મામલતદાર દાહોદ સમક્ષ સદર જમીનોમાં ૮૪(ક) મુજબ કાર્યવાહી પોતે કરી કરાવી પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરાની પૂર્વ મંજુરી વિના ૭૩ એ.એ.વાળી પાડવા ગામાની ૩/૯ પૈકી ૨ ૩/૯ પૈકી ૩ વાળી જમીનોમાં ફરજ દરમ્યાન ગેરરીતિઓ આચરેલ છે. આ જમીનો કિસ ગોધરા મામલતદાર ગોધરા હુકમ નં.૮૪(ક) ૧૦/૪/૨૦૦૨ના રોજ કૃષ્ણકાંત રમણલાલ શાહ સાથે સંબંધ ધરાવતા ઈસમો કાયમી હકક રકમ એક સાથે ભરવાના હુકમ સફળ થયા અને સરકારી ૭૩ એ.એ.નો પણ કેવો ઉપયોગ કરીને માલિક બનાય તેનો એક દાખલો ગોધરા તાલુકો પાડવાનો વધુ એક કિસ્સો બહાર આવેલ છે. આમ, ગોધરા તાલુકા ગોધરાના ૭૩ એ.એ.વાળી જમીનો મહેસુલ અને કાયદામંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના ગુજરાત સરકારમાં શુભ પગલાં થી તમામ ગરીબ આદિવાસી તથા અને પ્રજાને રાહત થયેલ છે. આ જમીનોમાં તા.૨૨/૪/૧૯૮૨ થી ૭૩ એ.એ.ના નિયંત્રણો ગુજરાત સરકારે જાહેર કરેલ છે. જે જમીનોમાં (૧) નાયક શનાભાઈ રવાભાઈ, (૨) નાયક છગનભાઈ રવાભાઈ, (૩) નાયક કાનાભાઈ રવાભાઈ, (૪) નાયક મગનભાઈ રવાભાઈ અને (૫) નાયક માલજીભાઈ રવાભાઈ , ગામ નમુના નંબર ૭/૧૨ માં (લાલ શાહીથી) ૭૩ એ.એ.થી સત્તાપ્રકારની નોંધ સાથે જીલ્લા કલેકટર પંચમહાલની પૂર્વ પરવાનગી સિવાય તબદીલ ન થઈ શકતી હોય ચંદુભાઈ છગનભાઈ, બાબુભાઈ શનાભાઈ સંયુકત નામે ચાલતી જમીનો શાહ કૃષ્ણકાંત રમણલાલ, ગીરીશભાઈ વિઠ્ઠલાભાઈ પટેલ વિગેરે ઈસમો એ ૭૩ એ.એ.વાળી જમીનો કોઈપણ પ્રકારે ફેરફાર ના થઈ શકે તેવો કૃષિપંચ મામલતદાર દાહોદ ગોધરા એ હુકમ કરેલ છે. તે બાબતે જાગૃત નાગરિક દ્વારા વારંવાર રજુઆતો પણ કરવામાં આવેલ છે. તેમ છતાં આ કૃષ્ણકાંત રમણલાલ શાહ દ્વારા તમામ પ્રકારના ખેલોમાં નિષ્ફળતા મળે છે. થોડા સમય થયા પછી ગીલ્લી દંડા રમવાનું ચાલું કરી જે તે સમયના નિવૃત મામલતદાર બી.એમ. પટેલ તથા આર.આર.ગરોડા મુખ્ય અધિકારી દ્યાન દોરયા વગર જે તે સમયના નાયબ મામલતદાર મહેસુલ બી.એમ.પટેલ પાસે ૧૫ વર્ષનો ગાળો બતાવી ગોધરા જે તે સમયના આસીસ્ટન્ટ કલેકટર પ્રાંત ગોધરા અવલોકન અર્થે મોકલી આગળની કાર્યવાહી કરવા જણાવે જાગૃત નાગરિક દ્વારા ભારપૂર્વક અરજી તથા રજુઆતોના આધારે તથા કાયદા અને વહીવટી રેકર્ડ રૂલ્સ મુજબ ચી.ટુ.કલેકટર પંચમહાલને રજુઆતો કરતા તથા તે અંગે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા પી.ભારતી મેડમ તાત્કાલીક નોંધના આદેશો અનુસાર નાયબ મામલતદાર મહેસુલ જે તે સમયના હાલ નિવૃત દ્વારા આર.આર.ગરોડ મામલતદાર અને પ્રાંત અધિકારી ગોધરા તરફ અવલોકન અર્થે મોકલતા જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના રિપોર્ટ રજુ થતા અવલોકન હુકમ નામંજુર કરેલ છે અને હાલ આ જમીનો ઉપર મનાઈ હુકમ ફરમાવેલ છે. જાત જાતના ખેલોમાં કૃષ્ણકાંત રમણલાલ શાહ વિગેરે ઈસમોને નિષ્ફળતા પ્રાપ્ત થયેલ છે. આ સંજોગવશ માન. જે તે સમયના મુખ્યમંત્રી હાલના ભારત દેશના વડાપ્રધાન રેફરન્સ હોય તે બાબતે ખાતાકીય તપાસ બાબતે પ્રાથમિક તપાસ જે તે સમયના પી.ભારતી મેડમ દ્વારા કાયદા તથા રેવન્યુ રેકર્ડ નોંધો સાથે ચી.ટુ.કલેકટર પંચમહાલ ગોધરા તથા તલાટી જે તે સમયના સબાન દ્વારા રૂબરૂ પ્રાથમીક તપાસ પંચમહાલ ગોધરા કલેકટર જે તે સમયના પી.ભારતી મેડમ દ્વારા થયેલ હોવા છતાં મોજે પાડવા તાલુકો ગોધરાના રે.સ.નં.૨/૯ પૈકી ૨, ૩/૯ પૈકી ૩ વાળી મિલ્કતોમાં આજદિન સુધી નાયક ઈસમોને પરત કે સરકારી પડતર કરેલ નથી.

આમ, આ પ્રકરણ ૨૦૦૯માં ભારપૂર્વક આદેશો નોંધોના તથા રિપોર્ટોના આધારે થયેલ છે. તેમ છતાં ગુજરાત તકેદારી ૨૦૧૦ સખત સુચનાઓનું પાલન જીલ્લા કલેકટર પંચમહાલના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા ખૂબ જ મોટા પ્રમાણમાં એક બીજા કર્મચારીઓને બચાવવા ફુટબોલના ખેલો ખેલી રહ્યા છે. આ બાબતે પંચમહાલ જીલ્લા કલેકટરના વહીવટદાર ચી.ટુ.કલેકટર નિવાસી અધિક કલેકટર પંચમહાલ ગોધરા તરફથી હાલ ગુજરાત રાજ્ય કેડરના મુખ્ય આઈ.એ.એસ. અધિકારી સુજલ મયાત્રા પાસે ફાઈલ પહોંચશે કે પછી આ ફાઈલ ઉધઈ ખાશે તે જીલ્લા કલેકટરના કર્મચારી, અધિકારીને જોવાનું છે. આમ, ગોધરાના નાગરિક દ્વારા માન. મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત સરકારને પ્રાથમિક તપાસના અહેવાલ અર્થે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ છે.

આમ, હાલ નિવૃત મામલતદારો મહેસુલ નાયબ મામલતદાર ગોધરા તથા પ્રાંત ગોધરા શીરેસ્તદાર ગોધરા (૧) બી.એમ.પટેલ, (૨) ઈકબાલભાઈ શેખ દ્વારા અંબાલી તથા ગોવિંદીની મિલ્કતોમાં સરકારી પ્રિમીયમની (બે કરોડ), (અઢી કરોડ)ની ઉચાપત કરી સરકારને નુકશાન પહોચાડેલ છે. જે પણ હાલ જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના મહેસુલી કર્મચારીઓ પાસે પેન્ડીંગ છે. તે બદલ સરકારી ગેરરીતિઓની ઉચાપત (૧) બી.એમ.પટેલ, (૨) ઈકબાલભાઈ શેખ સામે સરકારી વસુલાત તથા માસીક પેન્શન બંધ થાય તેવી રજુઆતો જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓને લેખિત જાણ કરવામાં આવેલ છે. આમ, (૧) કૃષ્ણકાંત રમણલાલ શાહ, (૨) બી.એમ.પટેલ, (૩) ઈકબાલભાઈ શેખ ત્રણે કર્મચારીઓ, અધિકારીઓ ગુજરાત સરકારમાં ફરજ બજાવેલ સોમ ફોજદારી રાહે પગલાં લેવા બાબતની તથા વસુલાતની જીલ્લા કલેકટર પંચમહાલ દરખાસ્ત કરી અધિકાર પરત્વે એફ.આર.આઈ. નોંધાવશે કે નહીં તે ગુજરાત સરકારના મહેસલ વિભાગને જોવાનું છે.

આમ, આ બાબતે પંચમહાલ જીલ્લા કલેકટર વહીવટી અધિકારી રૂએ ૫(૧) હેઠળ ગ્રામ્ય વિભાગ મામલતદાર પી.બી.કુંભાણી ગ્રામ્ય પાસે એફ.આર.આઈ. દાખલ રેવન્યુ રેકર્ડ ઓફ રાઈટ તથા કાયદાઓના વહીવટી નાતેની ગેરરીતિઓ કરેલ સામે યોગ્ય મહેસુલ વિભાગ ગુજરાત સરકાર તરફ દરખાસ્ત લાંબા સમય થી પાડેલ હોય અને તે તાત્કાલીક એસ.કે.બાકોડ દ્વારા પેન્ડીંગ રાખી સરકારને નુકશાન પહોંચાડી તે વિરૂદ્ધ યોગ્ય કાર્યવાહી કરશે ખરાં....?

MINISTRY OF ELECTRONICS & INFORMATION TECHNOLOGY
GOVERNMENT OF INDIA

Digital India
Power To Empower

ગુજરાત સરકાર

આઝાદી કા અમૃત મહોત્સવ

ન્યુ ઈન્ડિયાની ટેકનોલોજીના વિકાસ માટે

# ડિજિટલ ઈન્ડિયા

થી ડિજિટલ ગુજરાત

ડિજિટલ ઈન્ડિયા વીક । ૪-૯ જુલાઈ ૨૦૨૨

## શ્રી નરેન્દ્ર મોદી

માનનીય વડાપ્રધાનશ્રીના
વરદ હસ્તે ઉદ્ઘાટન
૪ જુલાઈ, ૨૦૨૨ । ગાંધીનગર, ગુજરાત



### ડબલ એન્જિનની સરકારનો છે નિર્ધાર
### ડિજિટલ સેવાઓ હવે લોકોને દ્વાર

- ભારતનેટ સંચાલિત ઈ-ગ્રામ કેન્દ્રો દ્વારા ડિજિટલ સેવા સેતુના માધ્યમથી ૩૨૦ જેટલી સરકારી સેવાઓ પ્રજા સુધી પહોંચાડી
- AADHAAR — DBT-ગુજરાત પોર્ટલની દેખરેખ હેઠળ આધારકાર્ડ લીંક દ્વારા નાગરિકોને ૩૮૦ જેટલી યોજનાઓના કુલ રૂ.૫૮,૫૧૫ કરોડના લાભોનું વિતરણ
- વિદ્યા સમીક્ષા કેન્દ્રને વિશ્વ બેંક દ્વારા વૈશ્વિક દરજ્જો : રાષ્ટ્રીય સ્તરે થઈ રહ્યું છે અનુકરણ
- આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ૧.૪ કરોડ આયુષ્યમાન કાર્ડ ઈશ્યુ કર્યા
- SWAGAT — SWAGAT કાર્યક્રમ થકી ૯૮% ફરિયાદોનું નિવારણ
- VISWAS — ૪૧ શહેરોમાં IoTથી સજ્જ CCTV કેમેરા લગાવાયા : E-FIR સિસ્ટમ અંતર્ગત online FIRની મંજૂરી
- Smart City — રાષ્ટ્રીય સ્માર્ટ સિટી મિશન (NSCM) હેઠળ ૬ સ્માર્ટ શહેર
- UMANG — મોબાઈલ ગવર્નન્સને પ્રોત્સાહન આપવા માટે ઉમંગ પ્લેટફોર્મ ઉપર બધી સાર્વજનીક સેવાઓ ઉપલબ્ધ
- Skill India — ગુજરાત IT/ITeS નીતિથી સ્કીલ ઈન્ડિયા મિશનને અગ્રીમતા-યુવાઓને DBTના માધ્યમથી ઉચ્ચ કૌશલ્ય અભ્યાસક્રમ

રજિસ્ટર કરવા
આ QR કોડ
સ્કેન કરો

Digital India Week 2022

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# યાત્રાધામ પાવાગઢ ખાતે ધુમ્મસ ભર્યા આહલાદ્ક વાતાવરણમાં બે લાખ ઉપરાંત માઈ ભકતોએ દર્શન કર્યા

પાવાગઢ,
સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે રવિવારે વાદળછાયા ધુમ્મસભર્યા આલ્હાદક વાતાવરણમાં બે લાખ ઉપરાંત માઈભક્તોએ મહાકાળી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને યાત્રાધામ પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના મંદિર શિખર પર સ્થાપિત સોનાના ઢોળ ચડાવેલો દવજદંડ પર ૫૦૦ વર્ષ બાદ ઐતિહાસિક દવજા લહેરાતી જોઈ ગુજરાત સહિત આંતર રાજ્યોમાંથી માતાજીના દર્શનાર્થે આવેલા બે લાખ ઉપરાંત ભાવિક ભકતો અભિભૂત થઈ ધન્ય થયા હતા.

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ડુંગરની ટોચ પર બિરાજમાન મહાકાળી માતાજીના દર્શનાર્થે વર્ષે દહાડે લાખો માઈભકતો મહાકાળી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી પોતાની મનોકામનાઓ પૂર્ણ કરે છે. જેમાં યાત્રાધામ પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના અતિપૌરાણિક મંદિરની કાયાપલટ કરી મહાકાળી માતાજીના કરોડો ભક્તોના સુખ સુવિધા અને સહુલત સાથે દર્શન કરી શકે તે માટે મહાકાળી માતાજીના મંદિરને કરોડો રૂપિયાના ખર્ચે અતિવૈભવી અને તમામ સુખ–સુવિધાઓ સભર વિશાળ મંદિરનું પુનઃ નિર્માણ કરી ભવ્ય મંદિર બનાવવામાં આવેલ છે. તેમજ



દેશના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ્દહસ્તે ગત દિવસોમાં મહાકાળી માતાજીના મંદિરના શિખર પર સ્થાપિત કરાયેલ સોનાના દવજદંડ પર ૫૦૦ વર્ષ બાદ એતિહાસિક દવજારોહણ કરવામાં આવેલ છે. જેમાં મંદિરની કાયાપલટ થયા બાદ અને દવજારોહણ થયા બાદ યાત્રાધામ પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના મંદિર ખાતે રોજબરોજ યાત્રિકોનો ઘસારો વધી જવા પામ્યો છે. જેમાં આજે રવિવારે રજાને અનુલક્ષીને મહાકાળી માતાજીના મંદિરે વહેલી સવાર થી લઈ મોડી સાંજ સુધીમાં બે લાખ ઉપરાંત મહાકાળી માતાજીના ભાવિક ભકતોએ માતાજીના દર્શન કરીને માતાજીના ચરણોમાં શિશ ઝૂકાવી પોતાની મનોકામનાઓ પૂર્ણ કરી હતી અને માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા.

યાત્રાધામ પાવાગઢ ખાતે શનિવારે મોડી રાત થી જ યાત્રિકોનો ઘસારો પાવાગઢ ખાતે આવવાનો શરૂ થયો હતો. જેમાં રવિવારે વહેલી સવારે મહાકાળી માતાજીના મંદિરના નિજ દ્વાર ખોલી દેવાતા માતાજીના મંદિર ખાતે ભકતોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. જયારે પાવાગઢની તળેટીમાં ચાંપાનેર થી લઈ માંચી અને મહાકાળી માતાજીના મંદિર સુધી ઠેર ઠેર માનવ મહેરામણ ઉભરાતા યાત્રિકોનું કીડિયારૂં ઊભરાયેલું જોવા મળ્યું હતું. જેમાં રવિવારે યાત્રાધામ પાવાગઢ ખાતે વહેલી સવારથી જ સમગ્ર દિવસ દરમ્યાન વરસાદી વાદળ છાયા ધુમ્મસભર્યા આલ્હાદક અને નયનરમ્ય વાતાવરણમાં મહાકાળી માતાજીના ભકતોએ માતાજીના દર્શન કરી માતાજીના દર્શન કરવા સહિત અદ્દભુત વાતાવરણની પણ અનુભૂતિ કરી અભિભૂત થયા હતા અને જાણે કોઈ હિલસ્ટેશન નજારો માણતા હોય એવો અહેસાસ મહેસુસ કર્યો હતો. જ્યારે રવિવારે યાત્રાધામ પાવાગઢ ખાતે બે લાખ ઉપરાંત માઇ ભકતો ઉમટી પડતા જીલ્લા અને સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા પણ યાત્રિકોની સુરક્ષા અને સલામતીના પગલે ઠેરઠેર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી તળેટી થી લઈ માંચી અને ડુંગર પર માતાજીના મંદિર સુધી ખૂણે ખાંચરે પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવાયો હતો અને તમામ પ્રકારની કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિની પોલીસ દ્વારા સમીક્ષા કરી પરિસ્થિતિ પર બાજનજર રાખવામાં આવી હતી અને વહેલી સવાર થી મોડી રાત સુધી મોટી સંખ્યામાં જિલ્લા તેમજ સ્થાનિક પોલીસ કર્મચારીઓ ખડેપગે તૈનાત રહ્યા હતા. જ્યારે રવિવારે મહાકાળી માતાજીના મંદિરમાં ૨ લાખ ઉપરાંત યાત્રિકોનો માતાજીના દર્શન કરવા માટે ઘસારો રહેતા વહેલી સવારથી મોડી સાંજ સુધી મહાકાલી મંદિર ટ્રસ્ટ દ્વારા પણ બે લાખ ઉપરાંત માઈભકતોના દર્શન માટેની તમામ તૈયારીઓને સુચારૂ આયોજન કરી તમામ માઈભક્તોને મંદિર પરિસર ખાતે કતારમાં ગોઠવી વારાફરતી મહાકાળી માતાજીના સહુલત સાથે દર્શન કરાવવામાં આવ્યા હતા.

# ઘૂસર ગામમાં નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર : પાણીની ટાંકીનો સ્લેબ બાંધકામ સમયે તૂટીને સ્વાહા

વેજલપુર,
સરકાર દ્વારા વિવિધ યોજનાઓની લાખો રૂપિયાની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે અને હાલ અનેક ગામોમાં નલ સે જલ યોજનાઓની લાખો રૂપિયાઓની ગ્રાન્ટો ફાળવવામાં આવી છે. ત્યારે કાલોલ તાલુકાના ઘૂસર ગામમાં નલ સે જલ યોજના અંતર્ગત પાણીની ટાંકીનું કામ લે ભાગુ કોન્ટ્રાક્ટર અને ઈજનેર દ્વારા પુરજોશમાં કરવામાં આવી રહયુ છે. ત્યારે પાણીની ટાંકીના કામમાં ભ્રષ્ટાચાર આચાર્યો હોવાથી પાણીની ટાંકીનો સ્લેબ તૂટીને જમીન દોસ થયો જેથી



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કોન્ટ્રાકટર અને ઈજનેરની ભ્રષ્ટાચારની પોલ ખુલી પાણીની ટાંકીનું કામ પૂર્ણ થાય તે પહેલાં સ્લેબ તૂટીને જમીન દોસ થતા લોકોમાં ચર્ચા કે હજુ તો કામ પૂર્ણ થયો નથી તે પહેલાં તૂટી પડતા લોકોમાં ડરનો માહોલ કારણ કે હજુ તો પાણીની ટાંકીમાં હજારો લીટર પાણી ભર્યા પેહલા સ્લેબ તૂટી પડતો હોય તો હજારો લીટર પાણી ભર્યા પછી તે ટાંકીની હાલત શું થશે તે પણ એક સવાલ થાય છે. જેથી આવા લેભાગુ કોન્ટ્રાકટર અને ઈજનેર સામે કાયદાકીય કાર્યવાહી થાય તે જરૂરી છે. તો શું આવા ભ્રષ્ટાચાર અને તકલાદી કામો કરનાર સામે પાણી પુરવઠાના જવાબદાર અધિકારી કાર્યવાહી હાથ ધરશે કેમ તે પણ એક મોટો સવાલ છે.



ગોધરા-વડોદરા હાઈવે પર બસના ડ્રાઈવરે બાઈક સવારને બચાવવા જતાં સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં બસ ખાડામાં ખાબકી

# ગોધરા તાલુકાના હમીરપુર ગામે પશુ ચરાવવા ગયેલી મહિલાનું તળાવમાં ડૂબી જવાથી મોત



ગોધરા,
ગોધરા તાલુકાના હમીરપુર ગામે પશુ ચરાવવા ગયેલી મહિલાનું તળાવમાં ડૂબી જવાથી મોત થયું હોવાનો બનાવ બનવા પામ્યો છે. ત્યારે હમીરપુર ગામના ૪૦ વર્ષીય કૈલાશબેન બારીયા દ્વારા તળાવમાંથી પોતાના ઢોરો ને બહાર કાઢતા સમયે તેઓનો પગ લપસતાં આ ઘટના બનવા પામી હોવાનું જાણવા મળી રહ્યું છે. સરપંચ સહિત ગામલોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક તરવૈયાની મદદથી મહિલાની લાશને બહાર કાઢવામાં આવી હતી.

# માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ દ્વારા રાજ્યના યાત્રાળુઓ અને વાહન ચાલકોના હિતમાં વાવડી ખુર્દ ટોલ ટેક્ષ બુથ રદ કરવા ભારત સરકારમાં રજૂઆત

ગોધરા,
પંચમહાલ જિલ્લાના ટુવા ગામે પવિત્ર યાત્રાધામ આવેલ છે. જ્યાં દુર્લભ ગરમ ઠંડા પાણીના કુંડ છે અને મહાભારત કાળના પાડવા વખતનું મંદિર અને ભીમના પગલાં છે અને રાજ્ય સરકારે તેને યાત્રાધામમાં સમાવેશ કરેલ છે. નજીકના ખેડા જિલ્લાના ડાકોર શહેરમાં રણછોડરાય ભગવાનનું પવિત્ર મંદિર યાત્રાધામ આવેલ છે અને ત્રીજું દેશ પ્રસિદ્ધ પાવાગઢ યાત્રાધામ છે. આ તમામ યાત્રાધામોમાં હજારોની સંખ્યામાં યાત્રાળુઓ આવે છે. જે તમામ ઈન્દોર–અમદાવાદ ફોર લેન રસ્તાનો ઉપયોગ કરે છે અને સતત બારેમાસ યાત્રિકોનો ઘસારો રહે છે.

પ્રભાતસિંહે રજુઆતમાં જણાવેલ કે, ટોલ બુથ વચ્ચે અંતર મર્યાદા ૬૫ કી.મી ની છે અને ભારત



સરકારે તે નક્કી કરેલ છે. દાહોદ જિલ્લાના ભાથવાડા ટોલ બુથ અને પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના વાવડી ખુર્દ ટોલ બુથ વચ્ચેનું અંતર માત્ર ૩૫ કી.મી. હોય યાત્રિકો, પ્રજાજનો અને વાહન ચાલકોને બમણો ટેક્ષ ભરવો પડતો હોઈ વાવડી ખુર્દ ટોલ ટેક્ષ બૂથને યુધ્ધના ધોરણે રદ કરવો જોઈએ અને તેમણે ભારત સરકારના માર્ગ મકાન અને નેશનલ હાઈવે મંત્રી નીતિન ગડકરીને તે માટે ભલામણ કરેલ છે.

# ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં ડ્રોન ઉડતા જોવા મળતાં કુતુહલ સર્જાયું

ગોધરા,
ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામો નદીસર, ટીંબાગામ, ધરી, કબીરપૂર, કાબરીયા, છાપરિયા સહિત વિસ્તાર માં છેલ્લા બે ત્રણ દિવસ થી રાત્રીના સમયે આકાશ ડ્રોન ઊડ્તા જોવા મળતા સમગ્ર વિસ્તારની જનતામાં કુતૂહલ સાથે ભયની લાગણી જન્મી છે.

આ અંગે મળતી વિગતો અનુસાર ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ઉપરોક્ત ગામોમાં છેલ્લા બે ત્રણ દિવસથી રાત્રીમાં નવ વાગ્યા બાદ આકાશમાં અચાનક એક સાથે ચાર થી પાંચ જેટલા ડ્રોન ઊડતા જોવા મળી રહ્યા છે. ડ્રોન આકાશમાં દક્ષિણ થી ઉત્તર અને પૂર્વ થી પશ્ચિમ દિશામાં વારા ફરતી ઊડતા જોવા મળે છે અને મોટા ભાગના ગ્રામજનો એ ડ્રોન ઊડતા પ્રત્યક્ષ નજરે જોયા છે. આ તરફ સરકાર દ્વારા ખેતી તેમજ રહેઠાણ અને ગૌચર સહિતની



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

જગ્યાઓનું ડ્રોન દ્વારા મેપિંગ કરવામાં આવનાર છે. તેવી ચર્ચા વચ્ચે સબંધિત વિભાગમાં પૂછતા ત્યાંથી આવા કોઈ ડ્રોન ઉડાડવામાં નથી આવતા તેમજ રાત્રીના સમયે મેપીંગ કરવામાં આવતું નથી. તેવી હકીકત આ બાબતને વધુ ઘેરી બનાવે છે. ત્યારે કેટલાક આગેવાનો દ્વારા કાકનપુર પોલીસ તંત્રને આ બાબતે જાણ કરતા પોલીસ તંત્ર દ્વારા પણ ટીંબાગામ અને નદીસર થી લઈ નર્મદા કેનાલ એકવાડેક સુધી રાત્રે તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યારે ટીંબા આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન અને જાહેર માર્ગો તેમજ નર્મદા કેનાલ પર લોકો ડ્રોનને જોવા રાત્રીના સમયે મોટી સંખ્યામાં એકઠા થયા હતા. ડ્રોનને લઈને લોકોમાં તરેહ તરેહની ચર્ચા જોવા મળી હતી. જ્યારે વિશ્વસનીય માહિતી મુજબ ડેસર તાલુકાના કેટલાક વિસ્તારમાં પણ ડ્રોન રાત્રીના સમયે જોવા મળ્યા છે. સામાન્ય સંજોગોમાં જે વ્યવસાયકારો પાસે ડ્રોન છે. તેમના જણાવ્યા મુજબ આવી રીતે ડ્રોન રાત્રી સમયે કોઈ ઉડાડે નહીં તેનું કોઈ ટેસ્ટિંગ કરવાનું હોય તો પણ દિવસે જ થાય ત્યારે સદર વિસ્તારમાં રાત્રે ઊડતા ડ્રોન જ્યાં સુધી સાચી માહિતી ના મળે ત્યાં સુધી રહસ્યમય રહેવાના છે. કાંકણપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા બે દિવસ પહેલા ટીંબાગામના ચાંચિયાના ટેકરા વિસ્તાર માંથી એક ખેડૂતને નીચે પડેલું ડ્રોન જોવા મળ્યું હતું. તે અંગે પોલીસ દ્વારા ડ્રોન કબજે કરી જાણવા જોગ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે. ત્યારે સમગ્ર વિસ્તારમાં સાદર ડ્રોન અંગે યોગ્ય તપાસ કરી સાચી હકીકત બહાર લાવવા માંગ ઉઠી છે.

# ગોધરા કાંડના આરોપી રફીક હુસેન ભટુકને સેશન્સ કોર્ટ દ્વારા જન્મટીપની સજા ફટકારાઈ

ગોધરા,
ગોધરા રેલવે ટ્રેન હત્યાકાંડના ગુન્હાના આરોપીને પંચમહાલ પોલીસ તેમજ સ્પેશિયલ ટીમ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૧માં ગોધરા ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીને સાબરમતી જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. ત્યારે આરોપી સામે ગોધરા સ્પેશિયલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી.

ગોધરા રેલવે ટ્રેન હત્યાકાંડનાં આરોપી રફીક હુસેન ભટુકની પંચમહાલ પોલીસ તેમજ એસઓજી દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૧માં ગોધરા ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ આરોપીને સાબરમતી જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. જે આરોપી સામે ગોધરા સ્પેશિયલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. જેમાં પંચમહાલ પોલીસ તેમજ




સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા ૧૯ વર્ષ બાદ આરોપી સામે જરૂરી ચોક્કસ પુરાવા તેમજ ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. જે અંગે આજ રોજ ગોધરાની સ્પેશિયલ કોર્ટનાં સેશન્સ જજ દ્વારા આરોપી રફીક હુસેન ભટુકને જન્મટીપની સજા ફટકારવામાં આવી છે. જે કેસ સ્પેશિયલ સરકારી વકીલ આર.સી.કોડેકર દ્વારા ચલાવવામાં આવ્યો હતો. ત્યારે આ કેસના તપાસ અધિકારી આર.એમ.પટેલ હતા. આરોપી રફીક હુસેન ભટુક ગુન્હો કર્યા બાદ અલગ અલગ શહેરોમાં ચોકીદાર, ફેરિયો બનીને નાસતો ફરતો હતો.

# ઘોઘંબાના વાવ ઝાબ ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના વાવ ઝાબ ગામે આજરોજ સેવા સેતુ કાર્યક્રમ તાલુકા વિકાસ અધિકારી તથા મામલતદારની અધ્યક્ષતામાં યોજાયો હતો. ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા લાભાર્થીઓને તાલુકા તેમજ મામલતદાર કચેરી સુધી ધક્કા ખાવા ન પડે અને એક જ જગ્યાએથી તેમના કામો પૂર્ણ થાય તે હેતુસર સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વાવ ઝાબ તેમજ આજુબાજુ આવેલા ગ્રામ્ય વિસ્તારના લોકોએ આ સેવાનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ઘોઘંબા તાલુકા પંચાયત રંગેશ્વરીબેન રાઠવા, છેલુ રાઠવા, ભાજપ પ્રમુખ ગુણવતસિંહ ગોહિલ, જયપાલસિંહ રાઠોડ વગેરે ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# હાલોલ-ટોલનાકા પાસે યુવાનની સમાધાન બાબતે બોલાવીને કરપીણ હત્યા, પોલીસે તપાસ હાથ ધરી

હાલોલ,
હાલોલ તાલુકા પંથકમાં ગત દિવસોમાં ૨ અલગ અલગ ગામોમાં થયેલ ૨ હત્યાના બનાવના પડઘા હજુ શાંત પણ થવા પામ્યા નથી ત્યારે ગત રાત્રિના સુમારે હાલોલના ટોલનાકા પાસે ઘોઘંબા તાલુકાના ગુંદી ગામના ૨૦ વર્ષીય યુવાન સહિત તેના ભાઈને ફોન પર ગાળો બોલી હેરાન કરવા બાબતે સમાધાન કરવા બોલાવી ગુંદી ગામના જ ૬ યુવાનોએ ૨૦ વર્ષીય યુવાનની હત્યાનું પૂર્વયોજિત કાવતરૂં રચી મારક હથિયાર સાથે આવી હુમલો કરી હુમલાખોરો પૈકી ૫ યુવાનોએ ભોગ બનનાર યુવાનને પકડી રાખી એક યુવાન દ્વારા ચપ્પુના ઘા મારી કરપીણ હત્યા કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે જેમાં બનાવ અંગે હાલો રૂરલ પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધાતા હત્યા કરી ફરાર થઈ ગયેલા ૬ આરોપીઓને ઝડપી પાડવા માટે હાલોલ રૂરલ




પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

સમગ્ર ચકચારભર્યા બનાવની મળતી વિગત પ્રમાણે ઘોઘંબા તાલુકાના ગુંદી ગામે રહેતા અને સ્વિગી જોમેટોમાં નોકરી કરતાં ૨૦ વર્ષીય સુનીલસિંહ ભગવાનસિંહ ચૌહાણને ગામમાં જ રહેતા ઠાકોરભાઈ અરવિંદભાઈ ચૌહાણ અલગ અલગ ફોન મારફતે ફોન કરી ગાળો બોલી હેરાન કરતા હતા જેમાં આ બાબતે સુનિલે પોતાના મોટાભાઈ મેહુલસિંહ ભગવાનસિંહ ચૌહાણને શિકાયત કરતા મેહુલે ફોન કરી ઠાકોર ભાઈને આ બાબતે કહેતા ઠાકોરભાઈએ આપણે સમાધાન કરી લઈએ તેમ કહી મેહુલ તથા સુનિલને હાલોલ નગરની બહાર વડોદરા હાઈવે રોડ પર આવેલ ટોલનાકા પાસે ગતરાત્રીના સુમારે બોલાવેલ જેમાં મેહુલ પોતાના ભાઈ સુનિલ તથા પોતાના ગામના અજયસિંહ ગંગાસિંહ સોલંકી, મિતેશકુમાર ગણપતસિંહ પરમાર, ગૌતમભાઈ મનીષભાઈ પરમાર, અને પંકિત રાજેશભાઈ માછીને સાથે લઈ ૩ બાઈકો લઈને રાત્રિના પોણા બાર વાગ્યા સુમારે હાલોલ ટોલનાકા ખાતે પહોંચ્યા હતા.

જ્યાં પૂર્વ આયોજન કરી સુનિલની હત્યાનું પૂર્વયોજિત કાવતરૂં રચી સવા બાર વાગ્યાના સુમારે બાઈક લઈને (૧) ઠાકોરભાઈ અરવિંદસિંહ ચૌહાણ, (૨) કિરપાલસિંહ કિશોરસિંહ ચૌહાણ, (૩) અજબસિંહ ભગવાનસિંહ ચૌહાણ, (૪) પ્રફુલસિંહ પ્રભાતસિંહ ચૌહાણ, (૫) નરેન્દ્રસિંહ પ્રભાતસિંહ ચૌહાણ, (૬) રાહુલસિંહ અંદરસિંહ ચૌહાણ, તમામ રહે. ગુંદી, તા. ઘોઘંબાનાઓ હાથમાં લાકડીઓ લઈને આવી પહોંચી અચાનક જ કોઈ કંઈ સમજે તે પહેલા હુમલો કરી ૬ પૈકીના ૫ ઈસમોએ સુનીલને પકડી લીધો હતો અને ઠાકોરભાઈ ચૌહાણે પોતાના હાથમાંના ચપ્પુ વડે હુમલો કરી સુનીલના પેટમાં ચપ્પુનો ઘા મારી દીધો હતો જેમાં અચાનક હુમલાથી ડઘાઈ ગયેલા સુનીલના ભાઈ મેહુલ સહિત તેમની સાથે લાવેલા લોકોએ તેઓને પકડવા જતા ઠાકોરભાઈ સહિત અન્ય ૫ હુમલાખોરોએ તેઓ પર લાકડી વડે હુમલો કરી મેહુલ અન્ય ઈસમને લાકડીઓ વડે માર મારી બાઈક લઈને ત્યાંથી ભાગી છૂટયા હતા જેમાં ચપ્પુનો ઘા વાગતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલો સુનિલને તાત્કાલિક તેઓના ભાઈ અને સાથેના ઈસમો બાઈક પર હાલોલની એક ખાનગી હોસ્પિટલે સારવાર માટે લઈ ગયા હતા જયાં ફરજ પરના તબીબે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા સુનિલને સારવાર માટે તાત્કાલિક વડોદરા લઈ જવાનું જણાવતા સુનિલને એમ્બ્યુલન્સ મારફતે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો જ્યાં ફરજ પરના તબીબે સુનિલને જોઈ તપાસીને મૃત જાહેર કરતાં સુનિલભાઈના મેહુલ પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો.

જ્યારે બનાવ અંગેની જાણ ઘોઘંબાના ગુંદી ગામે થતા ખોબલા જેવડા ગુંદી ગામે ૨૦ વર્ષીય સુનિલની હત્યા ગામના યુવાનોએ જ કરી હોવાના બનાવને લઈને શોકની લાગણી સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો જ્યારે બનાવવા અંગેની જાણ હાલોલ રૂરલ પોલીસને કરવામાં આવતા રૂરલ પોલીસે મોડી રાતે ઘટનાસ્થળે દોડી આવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા જ્યારે પોતાના ભાઈની હત્યા કરનાર પોતાના ગુંદી ગામના ૬ યુવાનો સામે મેહુલસિંહ ભગવાનસિંહ ચૌહાણે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ૬ આરોપીઓ સામે હત્યા સહિત વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેઓને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરવા હડફ તાલુકાના અગરવડા ગામમાં વીજળી પડતાં એક વ્યક્તિ અને ભેંસનું મોત



મોરવા હડફ તાલુકા ના અગરવડા ગામ વીજળી પડતાં એક વ્યક્તિ અને ભેંસનું મૃત્યુ પામ્યુ. અગરવડા ગામમાં રહેતા મહેશભાઈ રણજીતભાઈ ઠાકોર ઉંમર અંદાજિત ૩૭-૩૮ વર્ષ વ્યકિત અને એક ભેંસ ઉપર વીજળી પડતાં ઘટના સ્થળ પર મોત નિપજ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.264